## N.I.T No. 08 / 2015-16

### <u>બિન ઉપયોગી ડેમેજ તથા ડેડસ્ટોક મટીરીયલ્સની જાહેર હરાજી અંગેની નોટીસ</u>

આથી લાગતા–વળગતા તમામને જણાવવામાં આવે છે કે, કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીનાં સ્ટોર ખાતેના બિન ઉપયોગી ડેમેજ તથા ડેડસ્ટોક મટીરીયલ્સની જાહેર હરાજી અત્રેના કેન્દ્ર, નવસારી ખાતે તા. ૧૭.૧૨.૨૦૧૫ના રોજ ૧૧:૦૦ કલાક દરમ્યાન રાખવામાં આવેલ છે. તો રસ ધરાવતાં ઈસમોને હરાજીના દિવસે જણાવેલ સ્થળ ઉપર હરાજીમાં ભાગ લેવા માટે હાજર રહેવા વિનંતી છે.

નોંધઃ– હરાજીની શરતોની વિગત NAU.IN વેબ સાઈટ પર તા. ૧૬.૧૨.૨૦૧૫ સુધી જોવા મળશે.

**કાર્યપાલક ઈજનેર**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી.**

**હરાજીની શરતોઃ–**

૧. હરાજીમાં ભાગ લેનાર ઈસમે રૂા. ૫૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ડિપોઝીટ પેટે જમા કરાવ્યા બાદ " બોલી" બોલી શકશે. હરાજી પૂર્ણ થયા બાદ ઉંચા ભાવ ભરનાર પ્રથમ, બીજા તથા ત્રીજા સિવાયનાની ડિપોઝીટ પરત કરવામાં આવશે.

૨. જે ઈસમની માંગણી મંજુર કરવામાં આવશે તેમણે હરાજીની વસ્તુઓ તેમના ખર્ચે અને જોખમે પુરેપુરા નાણાં ભરી બે દિવસમાં કચેરીની જાણ હેઠળ કચેરીમાંથી ગેટ પાસ મેળવી લઈ જવાની રહેશે. નિયત સમયમર્યાદામાં હરાજીની વસ્તુઓ અત્રેથી લઈ ન જનાર ઈસમની ડિપોઝીટ જપ્ત કરવામાં આવશે. જેની ખાસ નોંધ લેવી.

૩. હરાજીમાં જે ઈસમ વધુ રકમથી માંગણી કરશે તેમની બોલી મંજુર કરવામાં આવશે તેમ છતાં હરાજી મંજુર રાખવી કે કેમ? તે હરાજી કરનાર અધિકારીશ્રીઓની મનસુફી પર રહેશે.

૪. હરાજીમાં મૂકેલ વસ્તુઓ જાહેર રજાના દિવસો સિવાય કચેરી કામકાજનાં દિવસોમાં કચેરી સમય દરમ્યાન રૂબરૂમાં જોઈ લેવી.

૫. હરાજીમાં જે તે ઈસમે ડિપોઝીટ ભરી હશે તે જ ઈસમ હરાજીમાં ભાગ લઈ શકશે.

૬. હરાજીની શરતોની વિગત **NAU.IN** વેબ સાઈટ પર જોઈ લેવી.

૭. હરાજીમાં આવેલ કોઈપણ ભાવો અથવા બધા ભાવો રદ બાતલ કરવા અથવા સ્વીકારવાનો અબાધિત અધિકાર ન.કૃ.યુ., નવસારી પાસે રહેશે.

**હરાજી માટેનું સ્થળઃ– કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી.**

**કાર્યપાલક ઈજનેર**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી.**

NAVSARI AGRICULTURAL UNIVERSITY